# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-12-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# WATER FACILITY

રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં પેયજળને લાગતી સમસ્યાને ત્વરાએ નિકાલ લાવવા પાણી પૂરવઠા વિભાગ દ્વારા 1916 ટૉલ ફ્રી નંબર અને www.watersupply.gujarat.gov.in વેબસાઈટ અમલી બનાવવામાં આવી છે.

રાજ્યમાં વર્ષ 2018થી ચોવીસ કલાક હેલ્પલાઈન સેન્ટર કાર્યરત્ કરાયું છે. આ સેન્ટર અને વેબસાઈટ ઉપર અત્યાર સુધી એક લાખ 82 હજાર 464 રજૂઆત નોંધાઈ છે, જે પૈકી એક લાખ 82 હજાર 331 રજૂઆતોનો ઉકેલ અને નિકાલ કરાયો છે.

# IT RAID AHD

આયકર વિભાગ દ્વારા અમદાવાદના  સરખેજ વિસ્તારમાં ડોસાણી ગ્રુપ પર પાડવામાં આવેલા દરોડામાં રોકડ, જ્વેલરી મળી આવ્યા છે. ઉપરાંત 10 કરોડ રૂપિયાના બિનહિસાબી વ્યવહારો મળી આવ્યા છે.

આવકવેરા વિભાગ દ્વારા તાજેતરમાં ડોસાણી ગ્રુપની વિવિધ  કચેરી  અને  રહેણાંકના સ્થળોએથી તપાસ દરમિયાન બનાવટી  બિલિંગના વ્યવહારો, એકોમોડેશન એન્ટ્રીઓ તેમજ બિન સુરક્ષિત ધિરાણના વ્યવહારો મળી આવ્યા છે.

એટલું જ નહીં બે કરોડની રોકડ તેમ જ દોઢ કરોડની જ્વેલરી પણ મળી આવી છે. ડોસાણી ગ્રુપની દુબઈમાં 5 કરોડ રૂપિયાની મિલ્કત હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

# DANG 31ST POLICE CHEKING

ડાંગ જિલ્લા પોલીસ સાપુતારા ખાતે મહારાષ્ટ્રથી આવતા વાહનોની તપાસ હાથ ધરી રહી છે. આજે 31મી ડિસેમ્બરને ધ્યાને રાખી બ્રિથ એનલાઈઝર મશીનથી વાહનચાલકોની તપાસ કરવામાં આવી રહી છે. આ અંગે ડાંગ જિલ્લા પોલીસ વડા યશપાલ જગાણિયાએ માહિતી આપી હતી.

**(બાઈટઃ યશપાલ જગાણિયા, SP, ડાંગ જિલ્લા)**

# 31st celebration Ahmedabad police

31 ડિસેમ્બર અને નવા વર્ષનાં આગમનની ઉજવણી દરમિયાન કાયદો વ્યવસ્થાની સ્થિતિ તથા ટ્રાફિક નિયમન જાળવવા અમદાવાદ ટ્રાફિક પોલિસે જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે. આ અંતર્ગત આજે સાંજે છ વાગ્યાથી મોડી રાત્રે ત્રણ વાગ્યા સુધી વાહનચાલકો સીજી રોડ પર અવરજવર કરી શકશે નહીં. આ જ રીતે, રાત્રિના આઠ વાગ્યાથી મોડી રાત્રે ત્રણ વાગ્યા સુધી સિંધુ ભવન રોડ પર જાજરમાન ચાર રસ્તાથી તાજ સ્કાયલાઇન ચાર રસ્તા સુધીનો બંને બાજુનો રસ્તો બંધ રહેશે.

ઉપરાંત, એસ જી હાઇવે પર સવારે આઠથી રાત્રિના ત્રણ સુધી ભારે વાહન પસાર થઈ શકશે નહીં. શહેરમાં નવ હજાર પોલિસકર્મીઓનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા શહેરમાં એન્ટ્રી અને એક્ઝિટના 145 પોઇન્ટ પર નાકાબંધી કરીને વાહનોની તપાસ કરવામાં આવશે એમ અમદાવાદ શહેર પોલિસ કમિશનરની યાદીમાં જણાવાયું છે.

# ARVALLI POLICE CHECKING

**અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, જિલ્લા પોલીસ તંત્ર દ્વારા મોડી રાતથી જ મોડાસા સહિત તમામ તાલુકાઓમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં હાલ 29 જેટલી ચેકપોસ્ટ બનાવાઈ છે. ઉપરાંત મોડાસાના વિવિધ પાંચ પૉઈન્ટ પર જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ASP સંજયકુમાર કેશવાલા સહિતની ટુકડી સઘન તપાસ કરી રહી છે.**

# SURAT PRAKRUTIK KHETI

સુરત જિલ્લાના 2 ખેડૂતે પ્રાકૃતિક ખેતીમાં સીમાચિહ્ન હાંસલ કર્યું છે. ચોર્યાસી તાલુકાના દેલાવડા ગામના ખેડૂત શૈલેષ પટેલ અને વિજય પટેલે આઠ વિઘાં જમીનમાં જિલ્લામાં શેરડી સાથે આંતરપાક તરીકે સુરણની ખેતી પણ કરી છે. બંને ખેડૂતે આઠ વિઘાંમાંથી આઠ લાખ

રૂપિયાનું વેચાણ કર્યું છે. આ અંગે ખેડૂત શૈલેષ પટેલે વધુ માહિતી આપી હતી.

**(બાઈટઃ શૈલેષ પટેલ, ખેડૂત)**

# MEHSANA AYUSHMAN MANDIR

**મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના હસનપુર આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે નેશનલ હેલ્થ સિસ્ટમ રિસોર્સ સેન્ટર- NHSRCની ટુકડી દ્વારા રાષ્ટ્રીય સ્તરની મૂલ્યાંકનની કામગીરી કરવામાં આવી હતી. દિલ્હીની ટુકડીએ આરોગ્ય મંદિરમાં મળતી આરોગ્યલક્ષી સેવાઓનું ઝીણવટપર્વક નિરીક્ષણ કર્યું હતું.**

# MAHISAGAR OEE TRAINING

મહીસાગર જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પાંચ દિવસની એકંદરે સાધનોની અસરકારકતા એટલે કે, OEE તાલીમ કેમ્પનું આયોજન કરાયું છે. તમામ તાલુકા ઘટક આરોગ્ય કચેરી ખાતે યોજાયેલી તાલીમમાં આયૂષ આરોગ્ય અધિકારીઓ દ્વારા આશાવર્કર બહેનો, મહિલા આરોગ્ય કર્મચારીઓ સહિતનાં કર્મચારીઓને મોઢાની સારવાર, આંખ, કાન, નાક, ગળાની સારવાર તેમજ ઇમરજન્સી સારવારની માહિતી આપવામાં આવી રહી છે.

# BHAVNAGAR ANN KIT VITARAN

ભાવનગર ખાતે અન્નપૂર્ણા સહાય યોજના હેઠળ ૫૧ પ્રજ્ઞાચક્ષુ પરિવારોને અનાજકીટનું વિતરણ કરાયું હતું.. સેવાભાવી લોકો અને સંસ્થાઓના આર્થિક સહયોગથી કુલ ૪૫ લાભાર્થીઓને અનાજકીટ આપવામાં આવે છે. શ્રી અંધ અભ્યુદય મંડળ અને શ્રી અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે અનાજકીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.. ઉપરાંત પ્રતિ મહીને મંડળ તરફથી ૬ લાભાર્થીઓને અનાજકીટ અપાતી હોય છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**